

પ્રદૂષણ ફેલાવતા સરકારી વાહનો સામે ક્યારે પગલાં લેવાશે...? તે પ્રશ્ન પોસ્ટ વિભાગની આ ગાડી જોઈને થાય છે. નિયમો જાણે માત્ર સામાન્ય જનતા માટે જ બનાવાયા હોય તેમ ક્યારેય સરકારી વાહનોનુ ચેકીંગ કરવાનુ તંત્રને સુઝતુ નથી. ધુમાડાના ગોટે ગોટા કાઢતુ આ વાહન ખુલ્લેઆમ વાયુ પ્રદૂષણ ફેલાવી રહ્યુ છે પરંતુ તેને રોકનાર કે ટોકનાર કોઈ નથી.

# વાવોલ ગામમાં રસ્તાઓની બિસ્માર હાલત


## ચોમાસા પહેલા રસ્તાઓની મરામત કરાવવામાં આવે તેવી માંગ ઉઠી

ગાંધીનગર.તા.૦૭

ન્યુ ગાંધીનગર માં સમાવિષ્ટ વાવોલ માં અંતરિયાળ રસ્તાઓ ની હાલત બિસ્માર થઈ ગઈ છે.આગામી ચોમાસા ના દિવસો માં આ રસ્તાઓ પરથી પસાર થવું મુશ્કેલ બની શકે તેમ છે.

ન્યુ વાવોલ વિસ્તાર માં નવીન રસ્તાઓ બન્યા પણ વાવોલ ગામ માં રસ્તાની હાલત દયનીય થઈ જતાં વાહન ચાલકો ને આ રસ્તાઓ પરથી જવું હાલાકી ભર્યું લાગે છે.તેમાંય હવે ચોમાસાના દિવસોમાં પાણી ભરવાની સંપૂર્ણ ભીતિ સેવાઈ રહી છે ત્યારે આ તૂટેલા ઉબડ ખાબડ રસ્તા ની મરામત કરવાં માટે તંત્ર દ્વારા પગલાં લેવાય તેવી માંગ ઉઠી છે.

વાવોલ ગામ માં બસ સ્ટોપ થી ઉવરસદ અને ગોકુળ પૂરા તરફ જતા વચ્ચે નો રસ્તો ઘણા સમયથી તૂટેલો જોવા મળી રહ્યો છે.જો કે વચ્ચે રસ્તો નવો બનાવવામાં આવ્યો હતો પરંતુ કોન્ટ્રાકટર ની બેદરકારી ના કારણે ૧ વર્ષ માં જ આ રસ્તા ની હાલત બિસ્માર બની જવા પામી છે.



વાવોલ ગામ ની ફરતે નવી નવી સ્કીમ આવતા જે તે વિસ્તાર માં ફૂલ ફેસિલિટી આપવામાં આવી રહી છે જ્યારે અંતરિયાળ ગામ વિસ્તાર માં આ બાબતે આંખ આડા કાન જેવી સ્થિતિ સર્જાઈ છે.

એક તરફ ચોમાસુ નજીક છે અને બીજી તરફ વાવોલ માં ખોદકામ ની કામગીરી જોરશોર થી ચાલી રહી છે.

જેમાં ઠેક ઠેકાણે ખાડાઓ નજરે પડે છે.

ત્યારે આ ચોમાસા માં લોકો માટે ભારે હાલાકી સર્જાશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

વાવોલ ઉપરાંત ગાંધીનગર માં પણ ઠેક ઠેકાણે ખાડાઓ ખોદવામાં આવતા ચોમાસા માં પરિસ્થિતિ વણસી જવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે. જેમાં વાહન ચાલકો અને રાહદારીઓ માટે કપરી પરિસ્થિતિ સર્જાશે તેથી આ બાબતે તંત્ર દ્વારા યોગ્ય માર્ગદર્શન આપી કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# શું તમારા ઘર પાસે ઈન્દ્રોડા પાર્ક જેવી સ્વચ્છ હવા છે ?



ગાંધીનગર, તા. ૭

દર વર્ષે ૫ મી જૂને વિશ્વ આંતરરાષ્ટ્રીય પર્યાવરણ દિવસની ઉજવણી કરે છે. ગાંધીનગર તેની હરિયાળી માટે જાણીતું છે અને તેના ભવ્ય ઉદ્યાનો તેનું મુખ્ય કારણ છે. સૌથી આકર્ષક પ્રકૃતિ ઉદ્યાનોમાંનું એક ઈન્દ્રોડા પાર્ક છે, જે લગભગ ૪૦૦ હેક્ટરમાં ફેલાયેલું છે. ઈન્દ્રોડા પાર્કને ભારતના જુરાસિક પાર્ક તરીકે ગણવામાં આવે છે. તે ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન (જીઈઈઆર) દ્વારા ચલાવવામાં આવે છે અને જે ઈન્દ્રોડા પાર્કને અન્ય લોકોથી અલગ પાડે છે તે દેશના માત્ર બે ડાયનાસોર સંગ્રહાલયોમાંનું એક છે. આ પાર્કમાં ૧૩૬ થી વધુ પ્રજાતિના વૃક્ષો અને ૮૦૦ છોડની પ્રજાતિઓ છે. આ ઉનાળાના વિરામ દરમિયાન, પાર્ક મુલાકાતીઓથી ખીલે છે. મે મહિનામાં લગભગ ૪૪૩૦૮ લોકોએ મુલાકાત લીધી હતી.

તાજેતરમાં ઈન્દ્રોડા પાર્કે પર્યાવરણ માટે જીવનશૈલી હેઠળ ૨૧ દિવસની ચેલેન્જ સંકલ્પમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને કલે અને પોલ્ટ્રી પ્રવૃત્તિ જેવા પર્યાવરણની સુધારણામાં યોગદાન આપાતા શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કર્યુ હતુ. જે અંતર્ગત તમામ વયજૂથના મુલાકાતીઓએ માટીની કળાનો અનુભવ મેળવ્યો હતો. શાળાના ઘણા વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો અને પ્રકૃતિ વિશે જાણવાની તક મેળવી.

આજના સમયમાં જ્યારે આપણા યુવાનોને તેમના સ્માર્ટ ફોનમાં જ પ્રાણીઓ જોવા મળે છે, ત્યારે આપણે પ્રકૃતિને જીવંત રાખવા માટે ઈન્દ્રોડા પાર્કના સ્ટાફની પ્રશંસા કરવી જોઈએ. 'મેં ઘણા બાળકો, યુવાનો અને વૃદ્ધોને આ દરવાજામાંથી પસાર થતા અને આરામથી ભાવના સાથે પાછા ફરતા જોયા છે,' ઈન્દ્રોડા પાર્કના રોજમદાર અરવિંદે જણાવ્યું હતું. છેલ્લા ૧૨ વર્ષથી હવામાનની સ્થિતિ ગમે તે હોય તે ઈન્દ્રોડા પાર્કના ગેટ પર બેઠો છે. તે સવારે ૮ થી સાંજે ૬ સુધી કામ કરે છે. માત્ર અધિકારીઓની જ નહી પણ આપણે અરવિંદ જેવા લોકોની પણ કદર કરવી જોઈએ જેઓ આકરી ગરમીમાં પ્રકૃતિની રક્ષા માટે ઉભા છે. પરંતુ માત્ર ઈન્દ્રોડા પાર્કને જોઈને આપણે કહી શકીએ કે ગાંધીનગર પણ પાર્ક જેટલું પર્યાવરણને અનુકૂળ છે ? ના, વર્ષોથી ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યામાં ધરખમ ઘટાડો થઈ રહ્યો છે. ગાંધીનગરમાં સૌથી વધુ ૧૪,૨૭૨ વૃક્ષો કાપવામાં આવ્યા હતા, જેમાં ૨૦૨૦-૨૧માં ૨,૫૮૯ અને ૨૦૨૧-૨૨માં ૧૧,૬૮૩ વૃક્ષો કાપવામાં આવ્યા હતા. હાઈવે પહોળા કરવા અને શહેરનો વિકાસ કરવાના નામે આપણા પર્યાવરણને અનેક પરિણામો ભોગવવા પડે છે. આપણે આપણા પર્યાવરણને બચાવવા ઈન્દ્રોડા જેવા ઉદ્યાનોમાંથી બોધપાઠ લેવાની જરૂરી છે.

# આગામી ૧૧મીએ રાજ્યમાં ૫૧ સ્થળોએ ૫૫ હજારથી વધુ પોલીસ જવાનોને અપાશે CPR તાલીમ

## રાજ્યમાં ૩૭ મેડિકલ કોલેજો તથા અન્ય ૧૪ સ્થળો પર ૨૫૦૦થી વધુ ડોક્ટરો અને તબીબી વ્યવસાયિકો આપશે સંપૂર્ણ સૈદ્ધાંતિક અને પ્રેક્ટિકલ તાલીમ

ગાંધીનગર, તા.૭

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે,રાજ્યમાં ૫૧ સ્થળોએ સ્વાસ્થ્ય અને સલામતીના ભાગરૂપે આગામી તા.૧૧ જૂનના રોજ ૫૫ હજારથી વધુ પોલીસ જવાનોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ આપવામાં આવશે. આ એક દિવસીય તાલીમ કાર્યક્રમમાં રાજ્યની ૩૭ મેડિકલ કોલેજો અને અન્ય ૧૪ સ્થળો પર ૨૫૦૦થી વધુ ડૉક્ટરો અને તબીબી વ્યવસાયિકો દ્વારા CPRની સંપૂર્ણ સૈદ્ધાંતિક અને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવશે. જે રાજ્યના જુદા જુદા ૫૧ સ્થળો પર સવારે ૧૦ થી સાંજે ૫ કલાક દરમિયાન આ તાલીમ યોજાશે. આ સમગ્ર તાલીમનું આયોજન રાજ્ય સરકાર, ભાજપાના ડૉક્ટર સેલની ટીમ અને ઈન્ડીયન સોસાયટી ઓફ એનેસ્થેસિયોલોજીસ્ટ-ગુજરાત ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે યોજાશે તેમજ ૫૫,૦૦૦થી વધારે પોલીસકર્મીઓ અંગદાનની પ્રતિજ્ઞાનું રજીસ્ટ્રેશન પણ કરશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભારતીય જનતા પાર્ટીનું સંગઠન તેમજ ગુજરાત રાજ્યના મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

# શાળાઓની સાથોસાથ ટ્યુશન ક્લાસીસમાં પ્રવેશ માટે દોડધામ

## શાળાઓ શરૂ થઈ ચૂકી છે ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ માટે જેટલી દોડાદોડ કરી રહ્યા છે તેટલી જ જહેમત સારા ટ્યુશન ક્લાસની શોધ અને તેમાં પ્રવેશ માટે કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૭

લાંબા ઉનાળુ વેકેશન બાદ શાળાઓ શરૂ થઈ ચૂકી છે. પ્રતિષ્ઠિત શાળાઓમાં પ્રવેશ માટે વાલીઓ અને વિદ્યાર્થીઓ ચિંતિત દેખાઈ રહ્યા છે. શાળાઓમાં પ્રવેશની સાથોસાથ હવે સારા ટ્યુશન ક્લાસમાં પ્રવેશનો આગ્રહ રાખી રહ્યા છે. સાયન્સમાં પ્રવેશ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ તો શાળા પ્રવેશના બદલે પ્રતિષ્ઠિત ટ્યુશન ક્લાસમાં પ્રવેશ મેળવવાનો આગ્રહ રાખી રહ્યા છે. ધો. ૧૦નું પરિણામ આવી ગયુ છે. શાળાઓમાં પ્રવેશની કાર્યવાહી શરૂ થઈ ચૂકી છે. સાયન્સ સ્ટ્રીમમાં જવાનો ક્રેઝ યથાવત રહ્યો છે. ધો. ૧૦ સાયન્સમાં પ્રવેશ મેળવવા માટે વાલીઓએ દોડાદોડ શરૂ કરી દીધી છે. શાળા પ્રવેશની કાર્યવાહીની સાથોસાથ હમણા હમણાંથી એક ચોંકાવનારો ટ્રેન્ડ જોવા મળ્યો છે. શાળા પ્રવેશ કરતાં હવે સારા ટ્યુશન ક્લાસીસમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ પડાપડી કરી રહ્યા છે. ખાસ કરીને સ્કોલર વિદ્યાર્થીઓ આઈઆઈટી અને એઈમ્સમાં પ્રવેશનો ગોલ રાખી ટ્યુશન ક્લાસીસ કે કોચીંગ ક્લાસીસ પર વધુ ધ્યાન આપી રહ્યા છે. ગાંધીનગર શૈક્ષણિક હબ બન્યુ છે. અહીં આસપાસ વિસ્તારોના ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા આવતા હોવાથી કોર્પોરેટ કોચીંગ ક્લાસીસની બ્રાન્ચીસ અહીં શરૂ થઈ ચૂકી છે. આ ઉપરાંત વર્ષોથી સારૂ પરિણામ આવતા અન્ય ટ્યુશન ક્લાસીસ અને કોચીંગ ક્લાસીસ વિદ્યાર્થીઓને પૂર્ણ સુવિધાઓ આપી રહ્યા છે. ટ્રાન્સપોર્ટેશનથી લઈને અન્ય સુવિધાઓ પ્રાપ્ત થતા તેમાં પ્રવેશ મેળવવા માટે વાલીઓ દોડાદોડ કરતા જોવા મળી રહ્યા છે. ડેમો ક્લાસીસ અને કેરીયર કાઉન્સેલીંગ સેશન્સ મારફતે વિદ્યાર્થીઓને ગાઈડન્સ આપવામાં આવી રહ્યુ છે. શિક્ષણમાં સ્પર્ધા વધતા કોચીંગ ક્લાસીસનું મહત્વ વધ્યુ છે.



યુવાનો રમતગમતમાં રસ લેતા થાય અને તેમનુ સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે વોર્ડ નં. ૮ ના કોર્પોરેટર આર.આર. પટેલે પોતાની ગ્રાન્ટમાંથી યુવાનોને ક્રિકેટ કીટની ભેટ આપી છે. આ અવસરે મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વાવાઝોડા સામે પૂર્વ તૈયારી અને સુરક્ષા માટે આટલું કરીએ

ગાંધીનગર,તા.૦૭

ગોવાથી દક્ષિણ- દક્ષિણ પશ્ચિમ વિસ્તારમાં ૮૯૦ કિ.મી તેમજ મુંબઈથી દક્ષિણ પશ્ચિમ દિશામાં ૧૦૦૦ કિ.મી દુર મધ દરિયે સર્જાયેલા "બિપોરજોય" વાવાઝોડાને કારણે ભારત અને ગુજરાત રાજ્યના દરિયાઈ વિસ્તારમાં સાવચેતીના પગલાં લેવાઈ રહ્યા છે.માછીમારોને દરિયો નહીં ખેડવા સલાહ આપવામાં આવી છે. સંભવિત વાવાઝોડા સામે પૂર્વ તૈયારી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન તરફથી મળેલી માર્ગદર્શિકા ધ્યાને લઈ સ્થાનિક વહિવટી તંત્ર દ્વારા અગમચેતીના પગલાં લેવાઈ રહ્યા છે ત્યારે સંભવિત વાવાઝોડાની સ્થિતી સમયે નાગરિકોએ સાવચેતી દાખવવી જરૂરી છે. ગુજરાત રાજ્યના પશ્ચિમ કાંઠે આવેલા સૌરાષ્ટ્ર અને કચ્છ સૌથી વધુ વાવાઝોડા સંભવિત વિસ્તારની ગણનામાં સામેલ છે. જ્યારે વાવાઝોડાની પરિસ્થિતિ ઉદ્ભવે ત્યારે ઘર બહાર નીકળવું નહીં, ઘરના બારી બારણા બંધ રાખવા, આવા સમયે રેલ કે દરિયાઈ મુસાફરી ટાળવી, બહુમાળી મકાનો હોય તો છત ઉપર જવાનું ટાળવું, ઝાડ કે જૂના જર્જરીત મકાનો હેઠળ આશ્રય ન લેવું, વીજળીના તાર કે ઉપકરણોથી દૂર રહેવું, વીજ પ્રવાહ કે ગેસ કનેક્શન બંધ કરી દેવા, કંટ્રોલરૂમ દ્વારા સાચી જાણકારી મેળવવી અને અફવાઓથી દૂર રહેવું વગેરે જેવી સાવચેતી રાખવા અનુરોધ કરાયો છે. ઉપરાંત રેડિયો કે ટીવી વગેરેમાં સલામતીનો સંદેશ આવે ત્યાં સુધી રાહ જોવા તથા અસરગ્રસ્તોને બનતી સેવા કરવાનો પણ અનુરોધ કરવામાં આવે છે. જેમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે પહોંચાડવાની કે રક્તદાન માટે તૈયાર રહેવા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

# ગુજરાતનો સૌથી મોટો ફેશન શો અમદાવાદમાં યોજાયો




ગાંધીનગર, તા. ૭

અમદાવાદમાં આઈ. એન. આઈ.એફડી, ગાંધીનગર દ્વારા ગુજરાતનો સૌથી મોટો ફેશન શો નું આયોજન કર્યુ હતુ. આ ફેશન શો માં ૧૮ કરતા વધારે પ્રકારના થીમ પર ૯૦ જેટલી ડીઝાઈન લોન્ચ કરવામાં આવી હતી. લેકમે ફેશન વીકની મોડેલો દ્વારા આ ડીઝાઈન સાથે રેમ્પ વૉક કર્યુ હતુ. ૨૦૦૦થી વધુ પ્રેક્ષકોએ આ ફેશન શો માં ભાગ લીધો હતો.

ફેશન શો માં ભાગ લેનાર ડૉ. સૃષ્ટિ પટેલે જણાવ્યુ હતુ કે તેઓ આઈએનઆઈએફડી સાથે જોડાયેલ છે. આ ફેશન શો ને લઈને ખુબજ ઉત્સાહી હતા કારણ કે ફેશન ડીઝાઈનર તરીકે મારૂ એક સપનુ હતુ કે મારા ડીઝાઈન કરેલા કપડા મોટા પ્લેટફોર્મ પરથી લોન્ચ થાય. આ ફેશન શો માટે અમે છેલ્લા એક મહીનાથી મહેનત કરતા હતા અનો અમને આત્મવિશ્વાસ હતો એ પ્રમાણે અમારી ડીઝાઈનનું લોન્ચ પણ સફળ રહ્યુ. આઈએનઆઈએફડી સાથે જોડાયેલ દરેકનો આભાર માનીએ છીએ. જેઓએ અમને અમારી ડીઝાઈન્સ બનાવવા માટે આવુ પ્લેટફોર્મ આપ્યુ. આ ફેશન શો માં ડિઝાઈનર સૃષ્ટિ પટેલનું હેન્ડ પેઈન્ટેડ આઉટફીટ આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતુ.

## માણસા તાલુકાના ખરણા, મુબારકપુરા,

# ચાંદીસણા અને વાગોસણા ગામનો સામાજિક સુરક્ષા કેમ્પ યોજાયો




ગાંધીનગર,તા.૦૭

SBI માણસા શાખાએ જનસુરક્ષા અભિયાન અંતર્ગત માણસા તાલુકાના ખરણા, મુબારકપુરા,ચાંદીસણા અને વાગોસણા ગામોનું સામાજિક સુરક્ષા કેમ્પનું આયોજન કડવા પાટીદાર સમાજની વાડી, માણસા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. એસબીઆઇ,ગાંધીનગરના ડી.જી.એમ. શ્રી મિથિલેશકુમાર દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગ્રામજનોને આ યોજનાનો લાભ કેવી રીતે લઈ શકાય, કેમ લેવો જોઈએ તે વિશે દષ્ટાંતપૂર્વક વાત કરીને ગ્રામજનોને આ યોજનામાં જોડાવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે સરકારની વિવિધ યોજના ના લાભાર્થીઓને સેંકશન લેટર તથા ચેક નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એસ. બી. આઈ. અમદાવાદના સ્થાનિક મુખ્ય કાર્યાલયના સી.જી.એમ. શ્રી સુરેન્દ્ર રાણા, માણસા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભીખાભાઈ પટેલ, SBI બેંકની શાખા પ્રબંધકો, લીડ બેંક મેનેજર, ગાંધીનગર શ્રી આદેશ જુનેજા, નાણાકીય પરામર્શક શ્રી રમેશભાઈ પરમાર તથા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં કેરીની કુલ આવક ૨૩૮૦ ક્વિન્ટલ નોંધાઈ

# કેરીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થતા સ્વાદરસીકોમાં ખુશીની લહેર

ગાંધીનગર,તા.૦૭

કેરીની સીઝન હવે પૂર્ણ થવામાં છે. ત્યારે હાલમાં મબલખ આવક કેરીની થઈ રહી છે. આવકની સાથે કેરીમાં ભાવનો ઘટાડો પણ એટલો જ થયો છે. જે કેરીની શરૂઆત ૫૦૦ રૂપિયા કિલોથી હતી. તે કેરીના એક બોક્સનો ઊંચો ભાવ આજે ૫૫૦ રૂપિયા બોલાયો છે. આજે કેરીની કુલ આવક ૨૩૮૦ ક્વિન્ટલ નોંધાઈ છે. જેમાં કેરીનો એક મણનો નીચો ભાવ ૩૫૦ જ્યારે એક મણનો ઊંચો ભાવ ૧૧૦૦ નોંધાયો છે. એક બોક્સના હિસાબે જો ભાવ કરવામાં આવે તો એક એક મણ કેરીના ૩૫૦ લેખે દસ કિલોના એક બોક્સના ૧૭૫ થયા અને ઊંચા ભાવ લેખે એક મણના ૧૧૦૦ હિસાબે દસ કિલોના એક બોક્સના ૫૫૦ રૂપિયા થયા. ઉનાળામાં ફળની બજારમાં કેરી સિવાય બીજા ફળોની આવક સદંતર ઘટી ગઈ છે.

આજે ફક્ત કેરી અને દાડમની આવક નોંધાઈ છે. તે સિવાય એક પણ ફળની આવક નોંધાઈ નથી. ત્યારે હવે કેરીની સીઝનના થોડા દિવસો બાકી રહ્યા છે.

ત્યારે સ્વાદ રસિકો ભાવ ઓછા થતા ભરપૂર આનંદ લઈ રહ્યા છે. કેસર કેરી ના ભાવમાં ગઈકાલે વધારો જોવા મળ્યો હતો. ગઈકાલે ૨૪૧૧ ક્વિન્ટલ કેરીની આવક નોંધાઈ હતી. જેમાં એક મણનો ઊંચો ભાવ ૧૪૦૦ અને એક મણનો નીચો ભાવ ૫૦૦ નોંધાયો હતો જ્યારે આજે એક મણનો ઊંચો ભાવ સીધો ઘટીને ૧૧૦૦ નોંધાયો છે. સામે એક મણના નીચા ભાવમાં પણ ગઈકાલ કરતા આજે ૧૫૦ રૂપિયા ઓછા નોંધાયા છે.

આ સાથે ગઈકાલ કરતા આજે કેરીની આવકમાં ૨૧ ક્વિન્ટલનો ઘટાડો નોંધાયો છે. આજે ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં કેરી અને દાડમની જ આવક નોંધાય છે. જેમાં ૨૩૮૦ ક્વિન્ટલ કેરીની આવક સામે એક મણ કેરીનો ઊંચો ભાવ ૧૧૦૦ જ્યારે નીચો ભાવ ૩૫૦ નોંધાયો હતો. જ્યારે દાડમની પાંચ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૧૪૦૦ અને એક મણનો નીચો ભાવ ૩૦૦ નોંધાયો હતો.

# અમદાવાદમાં ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન ઉભા કરવામાં આવશે

અમદાવાદ, તા.૭

ભારત સરકારની નીતિ અંતર્ગત શહેરમાં ઈલેક્ટ્રિક વાહનને માળખાકીય સુવિધાઓ મળી રહે તેવી વ્યવસ્થાની નીતિ તૈયાર કરવામાં આવી છે. જે અંતર્ગત જુલાઇ ૨૦૨૩ના અંત સુધીમાં અમદાવાદમાં ૧૨ ઈવી ચાર્જિંગ સ્ટેશન શરુ થઈ જશે.

મળતી માહિતી પ્રમાણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રએ શહેરના વિવિધ ૨૪ સ્થળ પર ચાર્જિંગ સ્ટેશન માટે ટેન્ડર બહાર પાડ્યા હતા. ત્યારે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલ હેઠળ આ કામગીરીને લીલીઝંડી આપવામાં આવી હતી. હવે અમદાવાદ શહેરમાં જુલાઈના અંત સુધીમાં ૧૨ ઈલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન શરુ થશે. આ ચાર્જિંગ સ્ટેશન પર ૩૦થી ૪૦ મિનિટમાં વાહનનું સંપૂર્ણ ચાર્જિંગ થશે.

અમદાવાદ શહેરમાં ઈક્મ ટેક્સ, કાંકરિયા, સિંધુ ભવન, પ્રહલાદનગર, મોટેરા, નરોડા , બાપુનગર, ચાંદખેડા, નિકોલમાં ચાર્જિંગ સ્ટેશન જુલાઈના અંત સુધીમાં બનીને તૈયાર થઈ જશે.

ચાર્જિંગ સ્ટેશન બનાવવા માટે છસ્ઝ્ર વીજ કનેક્શન અને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારમાંથી ગ્રાન્ટ મેળવવા માટે ર્દ્બઝની મદદ કરશે. ત્રણ વર્ષ માટે ચાર્જિંગ સ્ટેશનના પ્રોપર્ટી અને અન્ય ટેક્સમાંથી મુકિત આપશે. ઈલેક્ટ્રીક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન છસ્ઝ્રની જગ્યામાં ભાડે લેવામાં આવી હશે, તો ત્રણ વર્ષ બાદ ૧૦ ટકા રેવન્યુ શેરીંગ છસ્ઝ્રને કરવાનું રહેશે.

મળતી માહિતી પ્રમાણે અમદાવાદમાં અત્યાર સુધીમાં ૨૨ હજાર ઈલેક્ટ્રિક ટુ વ્હીલર,૧૨૦૦ ફોર વ્હીલર અને ૫ હજાર જેટલા થ્રી વ્હિલરનું વેચાણ થયુ છે. ત્યારે હવે આ લોકો ચાર્જિંગ સ્ટેશન પર પોતાના ઈ વ્હિકલ ચાર્જ કરાવી શકશે.